**C.C.No.110511/2026**

GJVD021190122026

<u>**વડોદરાના ૯માં અધિક જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ**</u>

**ફોજદારી કેસ નંબર–૧૧૦૫૧૧/૨૦૨૬**

**આંક–**

**ફરીયાદીઃ–** **સરકાર**

<u>**વિરુદ્ધ**</u>

**આરોપીઃ–** **પીન્કીબેન વા/ઓ. હરીશભાઈ ખોડાભાઈ માળી**

**ગુનોઃ–** <u>**પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(ઈ) મુજબનો**</u>.

**– <u>ચુકાદો</u> –**

(૧) આ કામે આરોપી સામે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(ઈ) મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સ કરતા આરોપી આજરોજ હાજર છે. આજરોજ સ્પેશિયલ સિટિંગના પાવર કોર્ટને આપવામાં આવેલ છે. આરોપીને ગુના બાબતે પુછતાં, આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબૂલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબૂલાત પુરસીસ પણ આ કામે રજુ રાખેલ છે તેની વિગતો વંચાણે લેતાં, આરોપી સ્વૈચ્છિક કબૂલાત કરતા હોવાનું ફલિત થાય છે. આરોપીનું આઈડેન્ટીફિકેશન કરવામાં આવેલ છે. આરોપી સામેનું ચાર્જશીટ જોતાં, આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ હોવાનું ફલિત થતું નથી.

(૨) આ કામે કેસના સંજોગો, આરોપીની કેફિયત અને તેની કૌટુંબિક જવાબદારીને ધ્યાને લેતા તથા આરોપી સ્વેચ્છાએ ગુનો કબૂલ કરતા હોય, તે તમામ હકીકતોને ધ્યાને રાખતાં તેમજ આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામાં ફરમાવેલ ગુનાની સજાની જોગવાઈને ધ્યાને લેતાં, ન્યુનત્તમ સજા બાબતની જોગવાઈ કરવામાં આવેલ હોવાનું જણાઈ છે. વધુમાં તે તમામ હકીકતની સાથે આરોપીની વર્તણૂંક અને તેઓની સામે અન્ય કોઈ ગુના

નોંધાયેલ હોય તેવો કોઈ પુરાવો હાલ આ કામે ચાર્જશીટની સાથે રજુ રાખેલ ન હોય, તે તમામ હકીકત અને આરોપીની આર્થિક સ્થિતિ તેમજ કૌટુંબિક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતા તેમજ નામદાર વડી અદાલતના ગુજરાત રાજ્ય વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર (2005) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને લેતાં, કોર્ટ આરોપીને ન્યૂનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકવાને સક્ષમ છે, તેવા નામદાર વડી અદાલતના અવલોકન ધ્યાને લેતા અને હાથ પરના કેસના સંજોગો જોતાં, તે આ કેસમાં લાગુ પાડી શકાય તેમ હોવાનુ આ કોર્ટનું માનવું છે, જેથી આરોપીને કાયદામાં ફરમાવેલ ન્યુનત્તમ સજાને બદલે ઓછી સજા કરવામાં આવે તો, યોગ્ય અને ન્યાયોચિત જણાશે તેવું આ કોર્ટનું માનવું હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– <u>આખરી હુકમ</u> –**

➔ આ કામના આરોપી **પીન્કીબેન વા/ઓ. હરીશભાઈ ખોડાભાઈ માળી** નાઓને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૬૪** અન્વયે **પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(ઈ)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂ.૫૦૦/–** (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ ભરપાઈ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો, **દિન–૦૫** ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

➔ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

આ હુકમ આજરોજ તારીખ **૧૧** મી **જુલાઈ** સને **૨૦૨૬** ના રોજ **સ્પેશિયલ સીટીંગમાં** વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬.
વડોદરા.

**( કે.એન.ત્રિવેદી )**
૯માં અધિક જ્યુડી.મેજી. ફર્સ્ટ ક્લાસ,
વડોદરા.
જજ કોડ નંબર–જીજે ૦૧૭૪૪

**રૂપિયા ..............................**

**પાવતી નંબર– ....................**

**તારીખ– ૧૧/૦૭/૨૦૨૬**

**નાઝીર**